ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
બુધવાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૫





## એકતાના સંદેશા સાથે વિશ્વના 7 થી 8 શહેરોમાં મ્યુઝિકના કોન્સર્ટ કરીશ: મૃણાલ ગજ્જર

વેસુ વિસ્તારમાં રહેતાં 36 વર્ષીય મૃણાલ ગજ્જર જેઓને લોકો R J Maddyના હુલામણા નામથી ઓળખે છે તેઓ સિગિંગ ક્ષેત્રમાં સારું નામ ધરાવે છે. તેમણે 20થી વધુ કન્ટ્રીઝમાં બોલિવૂડ અને સેમી ક્લાસિકલ ફ્યુઝન ગીતો પર્ફોર્મ કર્યાં છે. તેમને જ્યારે સવાલ કરાયો કે તમને 10 કરોડ રૂપિયા આપવામાં આવે અને તે 30 દિવસમાં ખર્ચ કરવાના છે તો કઈ રીતે કરશો? પહેલાં તો તેઓ થોડા મૂંઝાયા કેમ કે તમે પૈસા કશે ઇન્વેસ્ટ નથી કરી શકતા કે ચેરિટી નથી કરી શકતા તો પછી આટલા પૈસા કઈ રીતે વાપરવા ? પછી ઘડીક વિચાર કરીને કઈ રીતે તેઓ 10 કરોડ રૂ. ખર્ચ કરશે તે વિશે જણાવતા કહ્યું કે, '' હું સંગીતનો માણસ છું એટલે સિંગિંગથી લોકોમાં એકતાને મજબૂત કરવા આ પૈસા વાપરીશ. હું દેશમાં અને ઇન્ટરનેશનલ લેવલ પર કેટલીક સિટીઝમાં મ્યુઝિકના કોન્સર્ટ કરીશ. ભારતમાં વાનખેડે સ્ટેડિયમ, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, લંડનમાં સ્થિત વેમ્બલી સ્ટેડિયમ, સિડનીમાં ઓપેરા હાઉસમાં, ઓસ્ટ્રિયાના વિયેનામાં, દુબઇમાં અને ટેક્સાસના ઓસ્ટીનમાં મ્યુઝિક કોન્સર્ટ મારા ખર્ચે કરીશ અને તેની મજા લોકો વિના મૂલ્યે ફ્રીમાં માણી શકશે. હું દુનિયાભરના લેજેન્ડરી મ્યુઝિશિયન જેમ કે શંકર મહાદેવન, એ.આર.રહેમાન, હરિહરન, જસ્ટિન બીબર, લેડી ગાગા, અરજીત સીંગ અને બીજા જાણીતા મ્યુઝિશિયન સાથે કોલાબોરેશન કરીને આ મ્યુઝિક કોન્સર્ટનું આયોજન કરીશ. મારી એક ઈચ્છા નવરાત્રીનાં 10 નોરતાં દરમિયાન દરેક શક્તિપીઠ, જેટલાં પણ માતાજીનાં મોટા મંદિર છે ત્યાં ગરબાના કોન્સર્ટ કરવાની છે. તે પણ હું આ પૈસામાંથી કરવાનું આયોજન કરીશ.''




## વર્લ્ડ આર્ટ ટૂર કરીશ અને ફેમિલી સાથે વિશ્વનાં પાંચ શહેરોમાં ફરીશ: માનસી વિરાણી

અડાજણ વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય માનસી વિરાણી આર્ટિસ્ટ અને પેન્ટર છે. તેમણે જણાવ્યું કે, ''પેન્ટિંગ કરવું એ મારું પેશન છે. મારી સ્ટડી આર્ટ બેઝડ નહોતી પણ કહેવાય છે ને કે શીખીને તો કારીગર બનાય, આર્ટિસ્ટ તો જન્મજાત હોય છે. મારામાં રહેલું આર્ટ ગોડ ગિફ્ટેડ છે. મેં 17 વર્ષ પહેલાં પેન્ટિંગ શીખવાડવા માટે ક્લાસ શરૂ કર્યા હતાં. હું કેનવાસ પેન્ટિંગ, વોલ મ્યુરલ, ફેબ્રિક પેન્ટિંગ, લેધર પેન્ટિંગ કરું છું. મને કન્ટેમ્પરરી એબ્સટ્રેક્ટ પેન્ટિંગ બનાવવા ગમે છે. જ્યાં મોડર્ન અને ટ્રેડિશનલનો મેળાપ થાય તે ગમે છે. જો મને 10 કરોડ રૂપિયા મળે અને તે 30 દિવસમાં ખર્ચ કરવાના હોય તો હું એવી વર્લ્ડ ટૂર કરું જે આર્ટ રિલેટેડ હોય. યુરોપની કન્ટ્રી સ્પેનના મેડ્રિડ સિટીમાં સ્થિત આર્ટ સેન્ટર, ફ્રાન્સનું પેરિસ સિટી તો આર્ટને સમર્પિત છે જે ત્યાં સ્થિત આર્ટ સેન્ટર, ન્યુયોર્ક લાસવેગાસમાં ઘણા મોડર્ન આર્ટિસ્ટ છે હું ત્યાંની પણ ટૂર કરીશ. અહીંની હું લક્ઝ્યુઅરિસ ટૂર પણ કરીશ અને હું ત્યાં આર્ટિસ્ટના પેન્ટિંગનો ગહન અભ્યાસ કરીશ. આમ તો હું પહેલાં દુબઇ ફરી આવી છું અને ત્યાં 7 સ્ટાર હોટેલમાં રહી પણ છું. ફરી ત્યાં જવા માંગું છું અને તે પણ મારા મધર અને ફાધર ઇન લો તથા મારાં બે બાળકો અને હસબન્ડ સાથે દુબઈની બુર્જ અલ અરબ 7 સ્ટાર હોટેલમાં 7 દિવસ રહીને ત્યાંના સ્ટેની લક્ઝ્યુઅરિયસ ફીલિંગ્સ મેળવવી છે. ત્યાં લાંબો સ્ટે એટલા માટે ઇચ્છું છું કેમ કે તે આર્ટિસ્ટિક પ્લેસ છે અને ત્યાં આર્ટ ગેલેરી પણ છે. હું યુરોપની ક્રુઝ ટૂર પણ ફેમિલી સાથે કરીશ અને લક્ઝ્યુઅરિયસ હોટેલમાં રહેવાનું અને મોંઘી હોટેલમાં લંચ- ડિનર કરવાનું રાખીશ. જો પૈસા આમાંથી બચશે તો હું મારા ફ્રેન્ડ્સ અને રિલેટિવ્ઝ માટે ગોવામાં ગ્રાન્ડ પાર્ટી ગોઠવીશ. જેનો સમગ્ર ખર્ચ હું જ ઉઠાવીશ.''



## પર્સનલ નેટવર્કિંગ, ટ્રાવેલિંગ અને સ્પોર્ટ્સ અને હેલ્થ અવેરનેસ એક્ટિવિટીઝ માટે ખર્ચ કરીશ: વિસ્પી ખરાદી

વિસ્પી ખરાદીની ઓળખ આપવાની જરૂર નથી. તેઓ 'સ્ટીલ મેન ઓફ ઇન્ડિયા' તરીકે ઓળખાય છે અને 17 વખત ગીનીઝ બુક રેકોર્ડ હોલ્ડર છે. અઠવાલાઇન્સ વિસ્તારમાં રહેતાં 45 વર્ષીય વિસ્પી ખરાદી ઓલ ઇન્ડિયા કુડો હેલ્થ કોચ અને સ્ટ્રેન્થ ટ્રેનિંગ કોચ તથા ન્યુટ્રિશનિસ્ટ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે જો તમને 10 કરોડ રૂપિયા આપવામાં આવે અને તે 30 દિવસમાં ખર્ચ કરવાના છે તો તેઓ કઈ રીતે ખર્ચ કરશે? ત્યારે પ્રથમ તો તેઓ હસતાં હસતાં બોલી પડ્યા કે, ''10 કરોડ રૂપિયા કોઈ આપવાનું નથી પણ તમે સવાલ કરી રહ્યા છો તો 10 કરોડ રૂપિયા 30 દિવસમાં કઈ રીતે ખર્ચ કરીશ તેનું મેં એક પ્લાનિંગ કર્યું છે. મારા ત્રણ પોઇન્ટ છે. પહેલો પોઇન્ટ એટલે પર્સનલ નેટવર્કિંગ અને બ્રેન્ડ બિલ્ડીંગ પાછળ ખર્ચો કરીશ, બીજો પોઇન્ટ એટલે સ્પોર્ટ્સ અને હેલ્થની એક્ટિવિટીઝ માટે અને લકઝરી ટ્રાવેલ્સ માટે ખર્ચ કરીશ. તમને ખ્યાલ હશે જ કે, આજે તમે દુનિયામાં કશે પણ જશો તો મેજર નેટવર્કિંગ અને બિઝનેસ સ્પ્રેડ થાય છે તો તે મોટી મોટી પાર્ટીઝમાં થાય છે. હું આવી લોટ્સ ઓફ પાર્ટી હોસ્ટ કરીશ અને તે પણ એક્સ્ટ્રાવેગન લોકેશન પર. મારા ફિલ્ડને રિલેટેડ લોકોને હું આ પાર્ટીમાં ઇન્વાઈટ કરીશ. આ પાર્ટી દુબઇ, ટોકયો, લંડન, મિયામી, માલદીવ, બાલી આ લોકેશન પર ઓર્ગનાઇઝ કરીશ. આ લોકેશન પર ઇન્વાઈટીઝ લોકોને લકઝરી પ્રાઇવેટ જેટમાં લઇ જઈશ. જેમાં ખાસ્સા પૈસા ખર્ચ થઈ જશે. કેટલીક પાર્ટીઝ ફક્ત ને ફક્ત ચારથી પાંચ વ્યક્તિઓ સાથે જ કરીશ જેના માટે એવા પ્રાઇવેટ જેટ પણ હોય છે જેમાં મીટિંગ પણ થઈ શકે. આ ઉપરાંત હેલ્થ અને સ્પોર્ટ્સ અવેરનેસ માટે ઇવેન્ટ કરીશ. ઓલ્ડ એજ લોકો માટે ખાસ કોઈ ઇવેન્ટનું આયોજન નથી થતું તો તેમના માટે ઇવેન્ટ્સ આયોજિત કરીશ. બાળકોને બાળપણથી જ હેલ્થ અને સ્પોર્ટ્સ પ્રત્યે અવેર કરવા તેવી ઇવેન્ટનું આયોજન કરીશ. માર્શલ આર્ટ મારા દિલની બહુ કલોઝ છે. તેને લગતી ઇવેન્ટ કરીશ જેથી ભારતમાં માર્શલ આર્ટનું ચલણ ખાસ્સું વધે અને દરેક બાળક એમાં એક્સપર્ટ બને. ઇવેન્ટ, ટુર્નામેન્ટ કરીશ, પ્રાઇઝીસ આપીશ. આ ઇવેન્ટ્સના હોર્ડિંગ, LED સ્ક્રીનને કારણે બ્રાન્ડિંગ પણ ખાસ્સું થશે. આ ઇવેન્ટ્સમાં આવનાર બાળકોનો આવવાજવાનો ખર્ચો, તેમના ફાઈવ સ્ટાર હોટેલ્સમાં રહેવાનો ખર્ચો હું ઉઠાવીશ. એવા સ્પોર્ટ્સને પ્રમોટ કરીશ જે ક્રિકેટ જેટલા પ્રચલિત નથી બન્યા. લકઝરી ટૂર મારા પોતાના માટે પણ કરીશ જેમાં હું એક્સ્ટ્રા ઓર્ડિનરી ખર્ચ મારા અને ફેમિલીના મનોરંજન માટે કરીશ.''



## દખણાદી ભોમકામાં

દખણાદી ભોમકામાં હાલોને સૈયર
લીલેરા ડુંગરા જોવા રે લોલ!
મનડાની ગૂંચો ઉકેલવા ઉલેચવા
અંતરના આંસુડાં હોવા રે લોલ!

કંકરમાં શંકર સમેટીને બેઠેલી
નાચતી નર્મદાના કાંઠે રે લોલા
કેવા કેવા તપસી તપતા ત્યાં તપ
જેણે ઈશ્વરને બાંધેલો ગાંઠે રે લોલ

સુરતમાં વાટ જોઈ બેઠાં નર્મદજી
શબ્દોના હીરલા પોવા રે લોલ
ગરવી ગુજરાતનાં ગાણાં સુણાવતી
ચાલો એ વીરભોમ જોવા રે લોલ

નવસારી શહેરમાં ટાટા જમશેદજી
દખણાદા દેશના જલસા રે લોલ!
બારડોલી જોશું વલ્લભ સરદાર થૈ
રૈશું તાપીને તીર તરસ્યા રે લોલ!

વ્યારે વિરાજમાન રાજાને માણશું
વેડછીનો વડલો જોશું રે લોલ
દાંડીમાં દોડશું બાપુ સંગાથે ને
ગોરાનું નામ લેઈ રોશું રે લોલ

ડાંગમાં ડૂબીશું વળી શબરીના કુંડમાં
ચાખીશું બોર એનાં એંઠાં રે લોલ
ઈશા મકરંદ તણી ઝૂંપડીઓ જોઈશું
ને રાખીશું હુંપણાને હેઠાં રે લોલ

વલસાડી હાફુસ ચીકુની વાડીઓ
વાંસદા વઘઈ સમા જંગલ રે લોલ
ગાંધી ગુરુનું ધામ ગૂંજે ધરમપુર
દખણાદી ભોમકામાં મંગલ રે લોલ!

હાલો રે હાલો હાલો મારી સૈયર
ભીતરનાં પાપ બધા ધોવા રે લોલ!
તાપી, અંબિકા,આહવા,ઉનાઈ વળી
સાપુતારાના પહાડ જોવા રે લોલ

– કેશુભાઈ દેસાઈ

